નકલ ૧૦૦૦

કુમારિકા હિતોપદેશ*

શ્રી

ગાવાનાં (ભા ૧)

પદ. ધોળ. ગરબીઓ આદી

જુદાં જુદાં રાગનાં ગીત.

[illegible] રચનાર

[illegible] અંબાશંકર ગવરીશંકર મહેતા

ભોપડી

અમદાવાદ:

[illegible]

[illegible]

[illegible]

સંવત ૧૯૫૮.

કિમત રા આના

કુમારિકા હિતોપદેશ.

વિદ્યા ભણવા વિષે.

વહાણ પ્રત્યુક્તિ.

(૧) પદ રાગ ઘોળ

ચતુર ભલિ આવીઆ. એ ચાલ
ભવ દરિએ વિદ્યા વાહાણે વિશ્વ નાં,
સુખ આલય સહેજે જવાય; વિદ્યા ભણિયે ભાવથી.
ફળ સાર વૈભવ જશ, લાભ લેવા;
સેવા કષ્ટ સુતકી થવાય; વિદ્યા ભણિયે.
સારા સાર વિચાર પ્રવાહમાં,
પાપ પાહાડી રહે ન પળાય; વિદ્યા ભણિયે.
કામ ક્રોધ, મોહ, મત્સર લોભાદિ,
લોકો લહેરથી નવ લથડાય; વિદ્યા ભણિયે.
સદ્ગુણ આડીએ સ્નેહ સાંકળી,
નીતિ સહુ બાળો (ને ભણી) વાન વા વાય; વિદ્યા ભ.
દુરાગ્રહ કુમતિ, મત્સર મચકો,
ઝળકી જેમ વાટ સુકાય; વિદ્યા ભણિયે.
સંપ એકી સાથે મળી સંચરો,

વિદ્યાં વાહાણે સહુ સુખી થાય; વિદ્યા ભણિયે.
પછી અજ્ઞાન અલ્પ વિદ્યા હોડી,
આ પાણિ દુઃખ રેલે રેલાય; વિદ્યા ભણિયે.
અભ રચાં સામે પૂર સૂમે અડી,
વીપત્તી ખડકે અટકાય; વિદ્યા ભણિયે.
આશા ત. ફાને અવટાઈ અધવચે,
ડી દાળિદ્ર ખડકે અપાય; વિદ્યા ભણિયે.
સિધો સત્ય લેશે હંકારતાં,
ડી સુકીર્તિ કાંઠે કહાય; વિદ્યા ભણિયે.
વાણુ સુધિ હલેશાં સુસદ વનાં,
જરા ધોરી મારગ સહાય; વિદ્યા ભણિયે.

* પુર્વિ ન્યાયાવલોકન.

(૨) પદ રાગ ગીતમાં.

કાણુ કાણુ કાકણીયાળી મૂકીરે. એ ચાલ.
ભણિયે બહેની, ભણતર ભાવે ભણિયેરે;
ગણિયે બહેની, વિદ્યા ગુણુ ગણુ ગણિયેરે.
ચણિયે ચિત્તે, ચતુરાઈ ભીંત ચણિયેરે;
બણિયે બહેની, બાહાદુર જેથી બણિયેરે.
ભરિયે ભવમાં, ભલપણુ ભાવે ભરિયેરે;
કરીયે રૂડાં, અથાગ ઉદ્યોગ કરિયેરે.
વરિયે વિદ્યાવંત વિવેકી વર વરિયેરે;

---

* પૂરાવથી મજબૂતિ કરનારને જોઈ જવું.

કરિયે કરવા, કામ શોધી ઠીક કરિયેરે.
તરિયે ત્રિભૂવંન પતિ પ્રેમ તરિયેરે;
ફરિયે રાખી ફીકર ફંદે ન ફરિયેરે. ૫
પળિયે પ્રેમ નીતિ મારગ નીત્ય પળિયેરે;
ભળિયે વિદ્યા, ભણવા ભાવ શું ભળિયેરે.
ભણતાં ગણતાં, ભવની ભાવઠ ભાગેરે;
ઉદ્યમિને ઘર, સ્વર્ગનાં સુખડાં જાગેરે.
સાનુંકૂળતા, અકલબાજ અવાશેરે.
દંપતિ જશા સુખી સહ વિદ્યાભ્યાશેરે.

સમજુપણે ગુણદોષ પારખી ભણેલા વર વરવા વિષે.

(૩) પદ. રાગ ગરબીમાં.

અચકો મચકો કારેલી. એ ચાલ.

રૂપે રૂંધાઇ કૂપ કાં પડિયે;
ભળિયે સદ્ગુણ સભાગી બ્હેન, ભણિ વિદ્યા ગુણ ગણ લેખા.
આરંભે આપે આદરિયે;
કરીયે પોતે શોધ સારી બ્હેન, વરવા વિદ્યાવંત વિવેકા.
સદાચરણિ સદાચરણી;
કરણી દેખી ડગ ભરિયે બ્હેન, ભણિ વિદ્યા.
માયાળૂછે કે, મન મેહેલા;
મેહેલા મેખી પરવરિયે બ્હેન, વરવા વિદ્યાવંત.
આદરવા અંતર ઓળખિયે;

સખી એમ છે શાને કે શાણી બ્હેન, ભણિ વિદ્યા.
અકરા થઈ શાને આપ અડી;
ડી નીપતિ પાશ અજાણ્યા બ્હેન, વરવા વિદ્યા.
દુરાગ્રહી છે કે દીલ ડાહ્યા;
શાણા પેલા કર લહીએ બ્હેન, ભણિ વિદ્યા.
વિચક્ષણ ને સુશિળ વૃતિ;
મનનાં મિંઢા વશ કરિયે બ્હેન વરવા વિદ્યા.
શૂરા પરમારથ પ્રેમ ધરા;
ધરા પાખંડ પ્રપંચે બ્હેન, ભણિ વિદ્યા.
ક્રોધિ કામિ, કુટિલ કૃપણ એ;
સ્વપ્ને કપટી નહીં રંચે બ્હેન, વરવા વિદ્યા.
સંપાનુરાગિ સત્ય વક્તા;
લગતા લાયક ગુણ સખી બ્હેન, ભણિ વિદ્યા
નીતિ સદ ન્યાય તણા નેહી;
પ્રીતમ પ્રીતરુજૂ પેખી બ્હેન, વરવા વિદ્યા.
રૂપે નવ રાચી ગુણ જાચી;
સાચી વિદ્યા વશ થાવું બ્હેન, ભણિ વિદ્યા.
સહન શક્તિ શુ સ્નેહ સખા;
નીરરોગી નરને ચહાવું બ્હેન, વરવા વિદ્યા.
વિદ્યાભ્યાસિક વીરલા વરને;
વરવા ભરવા ઝંખાવું બ્હેન, ભણિ વિદ્યા.
ભણેલા ભવ ભરથાર કરી;

જટાશંકર સોહાવું બહેન, વરવા વિદ્યા.

પુર્વિ છાયાવલોન.

(૪) ૫૬. રાગ ગરબીમાં

સખિ સાંજના શોર છપાયારે, લઈ ચાંમખિયાં.
સીતાએ સ્વયંવર કીધારે, ઇચ્છાવર વરવા.
રૂખમણિજીએ જશ લીધારે, ઇચ્છાવર વરવા.
સૈલજા સતિ ઊમયારે, ઇચ્છાવર વરવા;
શિવ સારૂ તપોવન ગયારે, ઇચ્છાવર વરવા.
સમાજે ધનુષ્ય બાણ તાક્યુંરે, ઇચ્છા વર વરવા:
કંઈક ભૂપતિનું માન મોડ્યુંરે, ઇચ્છાવર વરવા.
મન માનેલા શું માહાલ્યારે, ઇચ્છાવર વરવા;
ચાલ પુરાતની ચાહી આવ્યારે, ઇચ્છાવર વરવા.
હરિશ્ચંદ્ર નૃપ હિતહાનીરે, ઇચ્છાવર વરવા;
નળ દમયંતિ પ્રીત માનીરે, ઇચ્છાવર વરવા.
દંપતિ વીજોગે દુખાણારે, ઇચ્છાવર વરવા;
રાંમજી સિતાસતિ આણીરે, ઇચ્છાવર વરવા.
સાચા પ્રીતિ પાલવ નવ છુટ્યોરે, ઇચ્છાવર વરવા:
સ્નેહ બંધ બન્નેનો ન તુટ્યોરે, ઇચ્છાવર વરવા.
સુર્પનખાએ છબિ છળ કીધોરે, ઇચ્છાવર વરવા;
રામ વરવાનો અર્થ ન સિધ્યોરે, ઇચ્છાવર વરવા.
સતિ સીતા સથાણી સંતાપ્યારે, ઇચ્છાવર વરવા;
સંકટ સખા સરાખ્યારે, ઇચ્છાવર વરવા.

શાંમ દાંમ દંડ ભેદે ભેદ્યારે, ઇચ્છાવર વરવા;
શાખ અંગદ કરણુ નાક છેદ્યારે, ઇચ્છાવર વરવા.
શિવ કરૂપે ડગ્યા ન સતિરે, ઇચ્છાવર વરવા;
ગુણ દાખી લો પારખી પતીરે, ઇચ્છાવર વરવા.
પર પુવને દાસિ પેટ ભર્યુંરે, ઇચ્છાવર વરવા:
ગરઠા બાહુક રૂપે મન હર્યુંરે, ઇચ્છાવર વરવા.

પતિની પ્રીતિ મેળવવા વિશે.

પ્રમાણોક્ત રૂપકાલંકાર.

(૫) પદ—રાગ ગરબીમાં.

ભાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે.
પતિ મુખ વચન શિ ખેણુ, વેદની વાણીરે;
મૃત જીવાડણ સુખદેણુ, સુધા હિત જાણીરે.
ધ્રુવ ખાંખ પ્રતિ ખાંખ ભાત, ખીલોરી કાચરે:
પતિના મનમાંની વાત, વરતિ વધું રાચેરે.
પતિ હોયે ખિજાએલ મુખ, ખનિએ આનંદીરે;
નિજ શાંતિ કારણ જળ કુપ, શિતળ વેણુ વંદીરે.
પતિ દુખે દુખિ સુખે સુખ, ડાહી દીલ આણીરે;
ચંદ્ર અસ્તે પોયણીને દુખ, બિડાયે પરાણીરે.
મન કૃમ વચને થઇ વશ, પતિ વશ કરિએરે;
અલિ કમળ વાસે ભુલે દશ, સખી મન હરિએરે.
લાભ લેખો ન હોય હજાર, અવર ઉર આણીરે;
સ્નેહ સ્પર્શે પતંગ દીપ ઝાળ, પતિ મગ્ને માણીરે.

પ્રીતિ માળે સ્નેહ શીઢી લાગે, પતિને ચડાવીરે"
સુખ વૈભવ ભોગ સરાગે, આ સંસાર બાવીરે.
નીતિ આલય સહ સજી સ્થાન, સંપે સંચરિયેરે.
પતિ પ્રેમોદક કરી સ્નાન, અઘોઘજ હરિયેરે.
પતિ વિશ્વાસ પડવા માટ, વિચારી વહિયેરે;
મૃગજળ પેઠે મિથ્યા ઘાટ, કદીયે ન કરિયેરે.
સદ્ગુણ સજી સમશેર, સાથેજ રહિયેરે;
પતિવ્રતાપતિની જાણી પેર, સાધના કરિયેરે.
સત્ય સાધનથી ઘર કામ, કારણ કાજુરે;
મળવિચે મનોહર નામ, જીવન જગ ગાજુરે.
દુનિયામાં દાખલા રૂપ, સહ કામે સોહિયેરે;
જ્યાં જો સર્વાંગ સ્વરૂપ, પતિ પ્રેમે પ્રોઇયેરે;

પુર્વી છાયાવલોકન.

(૬) પદ રાગ ગરબીમાં.

તમે જાણો બલિ બાત બાઈ હિંદુવાણી.
મારા કુબજાશું કાન પ્રૌઢ પ્રિત માંની.
રાધા રાણી રુક્યું માન પ્રૌઢ પ્રીત માની.
કીધું મીરાં વિખ પાન, પ્રૌઢ પ્રિત માંની.
રાણાજીનું માંડ્યું માન પ્રૌઢ પ્રિત માની.
પુરીબાઈ વરદાન પ્રૌઢ પ્રિત માની.
ભાવે મીરાંબા ભગવાન પ્રૌઢ પ્રિત માની.
શિવે લીધાં વરદાન પ્રૌઢ પ્રિત માની.

સતિ હેરે અમમાં હાણુ પ્રૌઢ પ્રિત માંની.
દશરથે કૈકૈ કેણુ (આપ્યું) પ્રૌઢ પ્રિત માંની.
તજ્યા પ્રાણુ રાખ્યું વેણુ પ્રૌઢ પ્રીત માંની.
રામે મૃગ વધ કાજ પ્રૌઢ પ્રીત માંની.
સીતા કેણુ સજ્યા સાજ પ્રૌઢ પ્રીત માંની.
સમુદરે બાંધી પાજ પ્રૌઢ પ્રીત માંની.
આણ્યો રાવણને વાજ પ્રૌઢ પ્રીત માંની.
પતિ થવા પણ આજ પ્રૌઢ પ્રિત માંની.
કરો કાણુ જરા કાજ પ્રૌઢ પ્રીત માંની.

શિયળ સાચવવા વિષે.

પ્રમાણોકત.

(૭) પદ રાગ ગરબીમાં.

દેશિ મિત્રો દુખ સરવ ટાળોરે આપણા દેશનું. એ ચાલ.

વિદ્યાવંતી વિવેકી સુજાણીરે શિયળ સાચવિયે.
દુરીજન દુર વચન ન દીલ ધરો,
નીજ પતિવ્રતનું પુર જતન કરો;
સાચવવા શીયળ ફીકરે ફરો, વિદ્યાવંતી વિ.
પાખંડી પૂરા પાપી જનો,
દુરાગ્રહી કુટ પતિત તનો;
ગણી તુચ્છ કરો તમે સુખ મન એો, વિદ્યાવંત વિ.
ખપાવી લાજ ન લાજ થવું,
દોષ લઇ કૂપમાં પડવાજ જવું,

ગાંડાપણું કે એથીજ નવું, વિદ્યાવંતી વિ.
આપે અણ હિતજ આપતાણું,
કરવું કૃત કાણું કરીજ ઘણું;
થવું શીયળ ભંગ એ દુષ્ટ પાણું, વિદ્યાવંતી વિ.
નકટા થઈ નાક વિના ફરવું,
માથે પ્રભુ ડર છતે ના ડરવું;
નિશ્ચ શંસય નર્કે સંચરવું, વિદ્યાવંતી વિ.
વણ ચક્ષુ વિશ્વ લીલા પેઠે,
જીવ્હા વણ વેણ નાવે કંઠે;
શીયળ ભંગે સહુ સુખ વંઠે વિદ્યાવંતી વિ.
વણ પાંખ ચડી આભે આડવું,
અપંગ આપે પંથે પડવું;
ત્યમ શીયળવણ મિથ્યા જીવવું, વિદ્યાવંતી વિ.
વણ નૌકા સિંધુ પાર જવું,
સામેપૂર તૂંબી વિના તરવું;
વગર મોતે થાયે મરવું, વિદ્યાવંતી વિ.
આભૂષણ વસ્ત્ર વિના અંગે,
વણ વસ્તી વસવું ઉમંગે;
ત્યમ આ જગ જન શીયળ ભંગે, વિદ્યાવંતી વિ.
જળ કૂપ અંતર નાખે કાવા,
અપક્વ મિષ્ઠાન મળે ખાવા;
સનેપાત એ જ્ઞાનનાં વરતાવા, વિદ્યાવંતી વિ.

જ્યમ શીયળવણ સાધન સઘળા;
સદગુણ છતે લાગે અઘરા;
ઉજવળતા સહુ સબંધી પરા, વિદ્યાવંતી વિ.
ગ્રહ મંડળ ચંદ્ર વિના તારા,
શિવ પૂજન જ્યમ વણ જળ ધારા;
ત્યમ શિયળ વણના ગુણ સારા, વિદ્યાવંતી વિ.
શીરપાઘ છતે પામર જોડી,
કટીઅંગ દાશાંબર દશ ઓઢી;
ત્યમ શિયળ વણ નીતિ પ્રૌઢી, વિદ્યાવંતી વિ.
પાંડ રોગી વૈભવ મન માતા,
કદરૂપા આપે દિલ દાહાતા;
ત્યમ શિયળવણ ગુણ લજવાતા. વિદ્યાવંતી વિ.
શિયળ ગુણ ગણને બલિહારી,
જટાશંકર વારી વારી;
પ્રીતિ રાખો સહુ નરનારી, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે પતિ વશ થશે,
શીયળ પાળે અપોઘ જશે;
શીયળ પાળે પ્રભૂ પ્રશન થશે, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે યૂજવળ કીરતી,
શીયળ પાળે રહે સદવૃતિ;
શીયલ પાળે પાંમે મુક્તિ, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે નાવે દુખડાં,

શીયળ પાળે સૂબળ સુખડાં;
શીયળ પાળે એ સહુથી વડાં, વિદ્યાવંતી બિ.

માવીતર મૂખ હિત વચન.

(૮) પદ રાગ ધોળમાં.

રાંમ લક્ષમણ વનમાં સીધાવતાં. એ રાગ.

સદા વસિયે સદાચરણે સાસરે;
સરે જેથી મનોરથ સાર; કો વધ ભરથાર
ડાહી મારી દીકરી.

સાસુ સસરાને કદી ન સંતાપિયે,
આપિયે ન સગાં પરિવાર; ઘટે બીજ કાર ડાહી.

ધીરધારી ઘર ધંધામાં ધારિયે,
જઇયે ન વિના કાંમ બહાર; ઘડિયે પરદ્દાર ડાહી.

કારજ કરીએ જેથી જશ જગ વધે,
વધે વધૂ વાલપ સદ પ્યાર; ગીને ભરતાર ડાહી.

બીજ વડિલ સુવેણ માની લીજે,
ખાજે મન તોલ સાર્ગ સાર; ન વદિ કૂ ઉચાર. ડાહી.

મતલબ જેટલું મુખે બોલીયે,
બોલિયે ન બરબ બીજ બાર; ઘટે વ્યવહાર. ડાહી.

ડરી વસિયે દૂરે દૂરીજન થકી,
છે દૂલ્લભ લોકાચાર; રાખીયે વિચાર. ડાહી.

આછાં વસ્ત્ર આવીને ન પેરિયે,
પરીઆ જે આગે ભવ બાર; ચાલો સદ ચાલ ડાહી.

કુડા જનનાં કથન ન કાને ધરી,
જેઠા સહ સંગતે એડો માર; સુખીતો સંસાર. ડાહી.
મા, પીતરનું રૂડું આપે જે શીત;
રીત વસિયે સાસરા મોઝાર; સફળ અવતાર. ડાહી.

પતિત વરની પ્રેમદાનું ચિતક.

(૯) પદ રાગ ગરબીમાં.

તજો તમે કેક કરમ કરવું, જેથી થાય માન વિના મર
ણું; તજો તમે.

પતિ મારે પતિત અભાગ્ય એ રી,
માબાપનાં પાપે દીઠાં એ રી; સુખરથી એ શાણી સખા કેરા
નકામા નવરા બેઠા કાં લડે,
કરે આહાર ઊંઘે કે આરડે;
અધાધામ ઓઢી જતે એ ચડે. પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ રી; સુખરથી એ.
સારાસાર વિચાર નવ આણે,
મિથ્યા મત આપતણો તાણે;
પળેહૂર પંથ પોતે પ્રાણે. પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ રી. સુખરથી એ.
છાંની વધે સમજાવું જે સમજે,
ભલું કહેતાં બુડાઈ તેને ભજે;
ગાજે ઉઠે ગાંડું વિના ગમ જે પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ રી; સુખરથી એ.

રવ હિતેચ્છુજન ગણું કરે, સૂંખી ખમી રહો તે ભાઈ. સુ.

કરે કુકરમાં ભોજન આગે, અધમ આપે ગણાય;
સંકા રહે મનમાં તો જુઓ જઈ, મનુસ્મૃતિની માંય. સુ.

કરે અઘોર કુકર્મ કુલિન આજે, તેનું પુછે નહીં કોઈ;
ગુણ જ બાને સદગુણી સંતાપે, જે સદ કુલિન સોય. સુ.

શાસ્ત્ર ધર્મ ચાલ અસલી ક્યાં રહયો, કહો સ્વદેશિ. આપ.
જે જેને જેમ ફાવે તેમ બોલે, નથી નીયમ કાંઈ આપ. સુ.

મિથ્યા કુલીને કરોન કજોડાં, પૂત્ર પૂત્રિ કરે દુખ જાળ.
કજોડાં દુખથી આવી રહી હદ, નિરાશા નાખે બાળ. સુ.

સદ કુલિન વર વરવા તે સારૂ, પણ તે સજોડુંજ જોય.
પણ કજોડું કરો નહી કદીયે, ભલે પૈસો અતી હોય. સુ.

શરીર રોગી ઉપયોગ ન થાયે, જર હોય ગાંઠે જરૂર.
કહો શા કામનું દેખીને બળવું, છતે જરે વળી ધુળ સુ.

તેમજ દંપતિ કજોડું છતાં, જર પણ દુખ હમેશ;
કુલિનનાં નીરધન ભલે આપ, જદી સજોડે પ્રમેશ. સુ.

નાદાંન વરથી થતુ નડતર.

પ્રમાણોક્ત.

(૧૧) પદ —રાગ ગરબીમાં.

કેવી સૈયર જેનો કંથ ડોરે, તેના પૂરણ પાપ.
નાદાન બઈ જેનો નાવલોરે, તેની નારી નિરાશ;
નાબાલિનુ માથુ મોહડું;
હાંરે આવે આળ અનાયાશ; નાદાન બઈ—

જગતમાં આંગળી ચિંધાણું રે હાંસિ લોકોમાં થાય;
નમાલા માંટીની નારને,
હાંરે હોળી હૈયે સદાય, નાદાન બઈ જેનો નાવલો;

સાપ દરે નાં કો સંચરેરે, સહેજે છછુંદર ત્હાય;
દુર્મેદ કૃતિ દારાઓ દીનની,
હાંરે શુરા સહે ના અન્યાય, નાદાંન બઈ—

એળવી મનુંચો માંકડાંરે, નચવે નચવ્યાં નચાય;
સિંહ દરે કો ન સંચરે,
હાંરે પોચું ભાળી પથરાય, નાદાંન બઈ—

નમાલા ધણીની નારનેરે, ભાવે ભાજિ બણાય;
સાપ આગની જળ રેલશું,
હાંરે સુળે હાંશીય ન થાય, નાદાન બઈ—

સુલભ સમર્થ ઓચે સહુરે, કદી કવણૂ કરાય;
નદી ઓગાળે નાં ઓસરે,
હાંરે તળાવે લિખ વાય. નાદાન બાઈ—

સબળાની વરી માહાલે મનગમ્યુંરે, નબળાની વગોવાય.
સાધવી છતે અણુ સાધવી.
હાંરે લાહચંપક સાય સ્હાય. નાદાન બઈ—

માટે વરાવર વીરલારે, વિદ્યાવંતી વરાય;
જટાશંકર જેથી જગતમાં;
હાંરે જોણું રોણું ન થાય. નાદાન બઈ—

દીકરીયોને વિદ્યાદાન દેવા દેશિ જનોને વિનંતી.

(૧૨) ૫૬ રાગમાં.

દો દીકરીને જ્ઞાન બંધૂજન, દો દીકરીને જ્ઞાન;
વિદ્યાવણ છે હાણ બંધૂજન દો.
અજ્ઞાની જન સહુ આરડતાં;
નાહકનાં નાદાંન,
બાળક બચપણમાં ઊછળતાં;

સુચના.

ા! આર્ય સ્ત્રિ પૂરૂષો! આપો આંહી ઓરા આવો, મારે
કેહેવાનાંછે તે હું તમને કહું સાંભળો! મહાન
ષ્ટ ગૌતમાદિ રાજાઓમાં રામચંદ્રજી જેવા
ી પૂરૂષો, તેમજ વિક્રમભોજાદિ પર દુઃખભં-
જીદસાદિ મહા પંડિતો થઇ ગયા તે કોણ!
મી આગેના આપણ પોતાનાજ જાત

તેમનું વિદ્યા જ્ઞાન, વિચાર શક્તિ, શૌર્ય અને તેમ નો અતુળ વૈભવ—એ સઘળાનો ખ્યાલ જરા નિચા બેશી મનમાં આણો. શું તેમની બરોબરી કરનાર આ જગતમાં હાલ કોઇ શક્તિમાન છે? ના નથીજ. લાચારીથી કહેવું પડેછે કે તેમાંનું કશું પણ હમણાના આર્યોમાં રહ્યું નથી. સર્વોત્કૃષ્ટ પદવીથી આપણું પડતું થવાનું મુળ, આપણી વિદ્યાનું પળાયન થતું ગયું એજછે.

અરે! ખાર જમીનમાં નિપજેલા વૃક્ષ અને અજ્ઞાન માતાઓથી જન્મેલા બાળકોમાં તે ક્યાંથીજ તાકાત હોય! ભણાવો ભણાવોરે પોતાનું ભલુ ઇચ્છના આર્ય મનુષ્યો તમારાં બાળક બાળકીઓને ભણાવો.

કવિ જટાશંકર ગવરીશંકર મેહેતા.

વાંસદા.